# કૃષિ મહાવિદ્યાલય-વ-કૃષિ પોલિટેકનીક, આકૃયુ, વસો ખાતે ૭૩માં ગણતંત્ર દિવસની ઉજવણી

કૃષિ મહાવિદ્યાલય-વ-કૃષિ પોલિટેકનીક, આણંદ કૃષિ યુનિવર્સિટી, વસો કેમ્પસ ખાતે તા. ૨૬ જાન્યુઆરી, ૨૦૨૨ના રોજ "૭૩માં ગણતંત્ર દિવસ"ની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી. જેમાં વસો કેમ્પસના સ્ટાફગણ, શ્રમીકો, સિક્યોરીટી ગાર્ડ્સ, કેમ્પસના વસાહતીઓ વગેરેએ કોવીડ-૧૯ની માર્ગદર્શિકાના પાલન સાથે ગણતંત્ર દિવસની ઉજવણીમાં ઉત્સાહભેર ભાગ લીધેલ. સદર પ્રસંગે ડૉ. વી. પી. રામાણી, આચાર્ય અને યુનિટ વડાએ સૌને પ્રજાસત્તાક પર્વની શુભેચ્છા પાઠવી પ્રાસંગીક ઉદ્દબોધન કરેલ જેમાં તેઓએ આઝાદીના અમૃત મહોત્સવનું મહત્વ સમજાવતા દેશને આઝાદ કરવા ક્રાંતિકારીઓના અમૂલ્ય ફાળા અને બલિદાનને બિરદાવેલ. વધુમાં, તેઓએ ભારતના બંધારણમાં નિર્દિષ્ટ નાગરીકોના મૂળભૂત હકો અને ફરજોનું પાલન કરી સંસ્થા, પ્રાંત, રાજ્ય તથા સમગ્ર દેશના વિકાસમાં વ્યક્તિગત રીતે પોતાની નિયત થયેલ કામગીરીને વફાદાર રહી ભાગીદાર બનવા સૌને પ્રોત્સાહિત કરેલ.







